મધ્ય ગુજરાત

દિવ્ય ભાસ્કર ભરૂચ • શુક્રવાર, 6 નવેમ્બર, 2026 | 3

પરિવારની શોધખોળ બાદ પત્તો ન લાગ્યો : અજાણ્યા શખ્સે અટકાયત કરવા અપહરણ કર્યું હોવાની પરિવારને શંકા

પાલેજ પેટ્રોલપંપ પર નોકરીએ જવા નીકળેલો જૂની જીથરડીનો યુવાન રહસ્યમય રીતે ગુમ

ભાસ્કર ન્યૂઝ | કરજણ

કરજણ તાલુકાના જૂની જીથરડી રોડ ઉપર આવેલી પ્રેરણા રેસીડેન્સીમાં રહેતો 27 વર્ષીય યુવાન નોકરીએ જવા માટે ઘરેથી મોટરસાયકલ લઈને નીકળ્યા બાદ રહસ્યમય રીતે ગુમ થઈ ગયો હોવાની ઘટના સામે આવી છે. યુવાન પાલેજ ખાતે નોકરીના સ્થળે પણ પહોંચ્યો ન હોવાથી પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. અંતે અજાણ્યા ઈસમે તેને ગુપ્ત રીતે અને ગેરકાયદેસર અટકાયતમાં રાખવાના ઈરાદે અપહરણ કર્યું હોવાની શંકા વ્યક્ત કરી કરજણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી મુજબ, મૂળ કોલીયાદના રહેવાસી અને હાલ પ્રેરણા રેસીડેન્સી, જૂની જીથરડી રોડ, જુનાબજાર, કરજણ ખાતે રહેતા ધવલભાઈ વિક્રલભાઈ રાણા (ઉ.વ. 27) પાલેજ ખાતે ફિલિપ્સ કાર્બન કંપનીની બાજુમાં આવેલા એચ.પી. પેટ્રોલપંપ પર છેલ્લા છ વર્ષથી વાહનોમાં પેટ્રોલ ભરવાની નોકરી કરે છે. ગત 28 ઓક્ટોબરના રોજ સવારે આશરે 9.30 વાગ્યે ધવલભાઈએ પરિવારજનોને પાલેજ પેટ્રોલપંપ ખાતે નોકરી કરવા જવાનું કહી પોતાની મોટરસાયકલ લઈને ઘરેથી નીકળ્યા હતા. જોકે, સવારે 11 વાગ્યા સુધી તેઓ પેટ્રોલપંપ પર ન પહોંચતા તેમના રિલીવરે ધવલભાઈના ભાઈ સંજયભાઈને ફોન કરી ધવલ હજુ નોકરી પર આવ્યા નથી અને તેમનો ફોન પણ ઉપાડતા નથી તેવી જાણ કરી હતી.

આ જાણ થતાં પરિવારજનો ચિંતિત બની ધવલભાઈની શોધખોળ હાથ ધરી હતી. પરંતુ લાંબી શોધખોળ છતાં તેમનો કોઈ પત્તો લાગ્યો ન હતો. ધવલભાઈ અચાનક ગુમ થઈ જતાં પરિવારજનોએ કોઈ અજાણ્યા ઈસમે તેમને ગુપ્ત રીતે અને ગેરકાયદેસર રીતે અટકાયતમાં રાખવાના ઈરાદે અપહરણ કર્યું હોવાની શંકા વ્યક્ત કરી હતી. આ અંગે તેમના ભાઈ દ્વારા કરજણ પોલીસ મથકે અજાણ્યા ઈસમ વિરુદ્ધ અપહરણ અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે વિવિધ દિશામાં તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળે છે.

મુખ્ય માર્ગનું નિર્માણ કાર્ય પૂર્ણ થયું અને કપચી ઊખડી જતાં અકસ્માતનો ભય

ડભોઈ-ફરતીકુઈથી પૂડા જતો નવનિર્મિત માર્ગ ટૂંકા ગાળામાં જ બિસ્માર બન્યો

ભાસ્કર ન્યૂઝ | ડભોઈ

ડભોઈ તાલુકાના ફરતીકુઈથી પૂડા તરફ જતા મુખ્ય માર્ગનું નિર્માણ કાર્ય હજુ હમણાં જ પૂર્ણ થયું હતું, ત્યાં તો આ રોડની હાલત અત્યંત દયનીય બની જતાં સ્થાનિકો તેમજ વાહનચાલકોમાં ભારે રોષ ભભૂકી ઊઠ્યો છે. લાખો રૂપિયાના ખર્ચે બનેલા આ રસ્તા પર ટૂંકા જ સમયગાળામાં ઠેર-ઠેર કપચી ઊખડી જતાં અને રસ્તો બિસ્માર બની જતાં માર્ગ નિર્માણમાં વપરાયેલા મટિરિયલ સામે અનેક સવાલો ખડા થયા છે.

સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા અનુસાર, જ્યારે આ માર્ગનું ડામરકામ ચાલી રહ્યું હતું, ત્યારે જવાબદાર માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ સ્થળ પર હાજર રહેવાની તસ્દી સુદ્ધાં લેતા નહોતા. અધિકારીઓની સુપરવિઝનમાં દેખીતી બેદરકારીના કારણે કોન્ટ્રાક્ટરે પોતાની મનમાની ચલાવી હલકી ગુણવત્તાનું મટિરિયલ વાપરીને વેઠ ઉતારી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. પરિણામે, નવો બનેલો રસ્તો થોડા જ સમયમાં તૂટવા લાગ્યો છે અને કપચીના પથરા વિખેરાઈ જતાં વાહનચાલકો માટે અકસ્માતનો ભય તોળાઈ રહ્યો છે.

કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની મિલીભગતના પાપે આજે સામાન્ય જનતા અને આ માર્ગ પરથી પસાર થતાં દ્વિચક્રીય તેમજ ફોર વ્હીલર ચાલકોને હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે.

સ્કૂટર પર લઈ જવાતાં 336 ક્વાર્ટરિયાં સાથે બૂટલેગર ઝડપાયો

ચંદાનગર વસાહત પાસેથી રૂા.૪૪ હજારનો વિદેશી દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | સંખેડા

સંખેડા તાલુકાની ચંદાનગર વસાહતમાં પાણીની ટાંકી પાસેથી પોલીસે સ્કૂટર ઉપર લઈ જવાતો રૂપિયા 88368નો વિદેશી દારૂ ઝડપી લીધો છે. હેરાફેરી કરનાર ખેપીયો ઝડપાયો છે. દારૂ ભરી આપનારને પકડવાનો બાકી છે.

સંખેડા પોલીસને બાતમી મળી હતી કે સણોલી ગામ તરફ સ્કૂટર ઉપર વિદેશી દારૂ લઈને એક શખ્સ જનાર છે. આ બાતમીના આધારે પોલીસ વોચમાં હતી. તે દરમિયાન બાતમીવાળું સ્કૂટર આવતા તેના ચાલકને ઊભો રાખી પૂછપરછ કરી હતી. તેણે પોતાનું નામ અવિનાશભાઈ રંગેશભાઈ રાઠવા હોવાનું જણાવ્યું હતું. સ્કૂટર ઉપર કાળા કપડામાં બાંધેલો વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે તેની ગણતરી કરતાં કુલ 336 ક્વાર્ટરિયા હતા. તેની કુલ કિંમત 88368 રૂપિયા થતી હતી. સ્કૂટર અને મોબાઈલ ફોન મળીને કુલ 143368 રૂપિયાનો મુદ્દામાલ ઝડપાયો હતો. આ દારૂનો જથ્થો કવાંટ તાલુકાના કનલવા ગામેથી કિરીટભાઈ રાઠવા પાસેથી લાવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે મધ્યપ્રદેશથી સ્કૂટર ઉપર આગળ કાળા રંગના થેલામાં કેનાલ અને રોડના રસ્તે વાયા હાંડોદ થઈને સંખેડા આવતા હોવાની વ્યાપક ચર્ચા છે. કરબા વિસ્તારમાંથી થઈ બાયપાસ રસ્તે બહાદરપુર સોસાયટી જીનમાંથી થઈ ખુલ્લેઆમ નીકળતા હોવાની ચર્ચા ઘણા સમયથી ઊઠી રહી છે. ક્યારેક વાયા લોટીયા રસ્તે પણ નીકળતા હોવાની ચર્ચા છે.

દિવાળીના તહેવારોમાં નવી નોટો માટે ગ્રાહકોને ધક્કા

નસવાડીની બેંકોમાં નવી નોટોની અછતથી ગ્રાહકોમાં નારાજગી

ભાસ્કર ન્યૂઝ | નસવાડી

નસવાડી ટાઉનની રાષ્ટ્રીયકૃત બેંકોમાં નવી નોટોનું વિતરણ થતું ન હોવાથી વેપારીઓ અને બેંક ગ્રાહકોમાં નારાજગી જોવા મળી રહી છે. દિવાળી અને નવા વર્ષના તહેવારો દરમિયાન નવી નોટોની જરૂરિયાત વધતી હોવાથી બેંકો દ્વારા યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

તહેવારોની સિઝનમાં વેપારીઓને રોજિંદા વ્યવહારો માટે નવી નોટોની જરૂર પડે છે. ગ્રાહકોને પગાર, બોનસ અને ખરીદી માટે પણ નવી નોટોની જરૂર પડે છે. જોકે, બેંકોમાં નવી નોટો લેવા જતાં "નોટો ઉપલબ્ધ નથી" એવું જણાવવામાં આવતું હોવાથી મુશ્કેલી પડી રહી છે. તાલુકા મથક હોવા છતાં નસવાડીમાં નવી નોટો મળતી નથી. જ્યારે મોટા શહેરોમાં તે સરળતાથી મળતી હોવાની ચર્ચા છે. વેપારીઓના જણાવ્યા મુજબ, બેંકોમાં ખાતાં ધરાવી રોજ લાખો રૂપિયાનો વ્યવહાર કરવા છતાં નવી નોટો મળતી નથી. નવી નોટોનો જથ્થો ખાનગી મળતિયાઓને સેટિંગથી અપાતો હોવાની ચર્ચા પણ ટાઉનમાં ચાલી રહી છે.

પ્રતાપપુરામાં ટેન્કરની ટક્કરે ત્રણ બાઇક સવાર ઇજાગ્રસ્ત

ભાસ્કર ન્યૂઝ | લીમખેડા

પ્રતાપપુરા ગામે અમદાવાદ -ઈન્દોર હાઈવે પર પાર્કિંગ નજીક ટેન્કર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતાં બાઈક પર સવાર 3 વ્યક્તિને ઈજાઓ પહોંચી હતી.

તા.1 નવેમ્બરે બપોરે કનુભાઈ પુજારા, પત્ની અને બે વર્ષના પુત્ર સાથે બાઈક લઈને પીપલોદ દવાખાને ગયા હતા. ત્યાંથી સારવાર કરાવી તેઓ પાણીયા ગામે સાસરીમાં પાંચમાની વિધિમાં જવા નીકળ્યા હતા. દરમિયાન પ્રતાપપુરા ગામે પાર્કિંગ નજીક પહોંચતાં ટેન્કરના ચાલકે પાર્કિંગ પરથી પુરઝડપે ટેન્કર અચાનક રોડ પર લાવી બાઈકને ટક્કર મારી હતી. અકસ્માતમાં કનુભાઈને માથાના ડાબા ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે ગીતાબેનને ડાબા હાથના ખભા તથા ડાબા પગે અને બે વર્ષના પુત્ર સાહિલને ખભાના ભાગે ઈજાઓ થઈ હતી.

ભાસ્કર classified

એનાઉન્સમેન્ટ announcement

નામ પરીવર્તન

મારૂ જુનુ નામ અલ્પેશ ચંપકભાઈ ટેલર હતુ જે બદલીને નવું નામ અલ્પેશ ચંપકલાલ ટેલર કરેલ છે જેની સર્વેએ નોંધ લેવી. સરનામું: બી/૧૫, ઝવેરનગર, ઓમકારનાથ હોલની પાસે, શકિતનાથ, ભરૂચ- ૩૯૨૦૦૧.

મારુ જૂનું નામ રઝીયાબાનુ વલી પટેલ હતું જે બદલીને મણીયા રઝીયા મુસ્તાક રાખેલ છે. સરનામું:- ૧-૪૬ ઘાંચી ફળીયુ, મુ. માંકણ તા. કરજણ, વડોદરા, ગુજરાત. ૩૯૧૨૪૦

મારૂ જુનુ નામ વરૂ તૌસીફ લુકમાન દાઉદ હતુ જે બદલીને નવું નામ વરૂ તૌસીફ લુકમાન કરેલ છે જેની સર્વેએ નોંધ લેવી. સરનામું: ૩૯૫૩-૨, વરૂ સ્ટ્રીટ, મોટી ડુંગરી, ભરૂચ- ૩૯૨૦૦૧.

(Old Name) Khunt Krunalkumar Balvantbhai. (New Name) Khunt Krunalbhai Balvantbhai. Padvadar, Gadhada, Dhasa, Botad.

મારૂ જુનુ નામ રાવ ભગીરથકુમાર રજનીકાન્ત હતુ જે બદલીને નવું નામ ભગીરથકુમાર રજનીકાન્ત રાવ કરેલ છે જેની સર્વેએ નોંધ લેવી. સરનામું: સી-૪૩, વૈભવ બંગ્લોઝ, રાજ-રત્ન સોસાયટી સામે, ઝાડેશ્વર, ભરૂચ- ૩૯૨૦૧૧ ,

મારૂ લગ્ન પહેલા જુનુ નામ ઉન્નતિ ધનસુખભાઈ ચાંપાનેરીયા હતુ જે બદલીને લગ્ન બાદ નવું નામ ઉન્નતિબેન અલ્પેશભાઈ ટેલર કરેલ છે જેની સર્વેએ નોંધ લેવી. સરનામું: બી/૧૫, ઝવેરનગર, ઓમકારનાથ હોલની પાસે, શકિતનાથ, ભરૂચ- ૩૯૨૦૦૧.

મારૂ જુનુ નામ મુન્શી વાહીદમીયા સઈદમીયા હતુ. જે બદલીને નવુ નામ વાહિદમીયા સઈદમીયા શેખ કરેલ છે. જેની સર્વેએ નોંધ લેવી. સરનામું: ઈ-૩૫૦૧, મુંધિયા વાડ, સૈયદવાડ, ભરૂચ, ગુજરાત- ૩૯૨૦૦૧

I have changed My name from JAYNABEN NITINKUMAR SHAH to new name SHAH JAYNABEN NITIN Address: B.G.-4, Abhyuday Heights, Dahej Bypass Road, Bharuch- 392001

સાવલીની સ્પેશિયલ પોક્સો કોર્ટે 20 વર્ષીય આરોપીને કુદરતી જીવનના અંત સુધી આજીવન કેદની સજા ફટકારી

ચોકલેટની લાલચ આપી 6 વર્ષની બાળકી પર દુષ્કર્મ ગુજારનાર આરોપીને આજીવન કેદ

ભાસ્કર ન્યૂઝ | સાવલી

સાવલીની સ્પેશિયલ પોક્સો કોર્ટે છ વર્ષની બાળકી પર દુષ્કર્મના ગંભીર કેસમાં આરોપીને આજીવન કેદની સજા ફટકારી છે. સાથે જ ભોગબનનારને રૂ. 8 લાખનું વળતર ચૂકવવા વડોદરા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળને ભલામણ કરી છે.

આ કેસમાં છ વર્ષની બાળકી ઘરેથી દૂધ લેવા નીકળી હતી. ત્યારે આરોપી જયદીપસિંહ ઉર્ફે ચકુ છત્રસિંહ ચૌહાણ (રહે. મેવલી, તા. સાવલી) ચોકલેટની લાલચ આપીને તેને ડેરીના ધાબા પર લઈ ગયો હતો. ત્યાં તેણે દુષ્કર્મ આચર્યું હતું. લોહીલુહાણ હાલતમાં બાળકી ઘરે પહોંચતાં પરિવારજનોએ સાવલી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે 20 વર્ષીય આરોપી સામે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બોડેલી બજારમાં રંગબેરંગી ઇલેક્ટ્રિક લાઇટિંગની ખરીદી વધી

દિવાળીના દીવડાઓનું સ્થાન હવે રંગબેરંગી ઈલેક્ટ્રિક સિરીઝે લીધું

ભાસ્કર ન્યૂઝ | જબુગામ

પ્રકાશના પર્વ દિવાળીના આગમન સાથે બોડેલી બજારમાં તહેવારની ખરીદીનો માહોલ જામ્યો છે. વર્ષોથી દિવાળીમાં ઘરને દીવડા અને તોરણથી શણગારવાની પરંપરા રહી છે. આધુનિક યુગમાં આ પરંપરામાં બદલાવ જોવા મળી રહ્યો છે. હવે માટીના કોડિયાં અને પરંપરાગત તોરણની જગ્યાએ રંગબેરંગી ઈલેક્ટ્રિક સીરીઝ અને ડેકોરેટિવ લાઇટિંગનો ક્રેઝ વધ્યો છે. બજારમાં તેની ખરીદીમાં તેજી જોવા મળી રહી છે.

દિવાળી એટલે અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જતું પર્વ. બોડેલી તાલુકામાં ઘરો, દુકાનો, ફેક્ટરીઓ, મંદિરો અને સરકારી ઈમારતોને રોશનીથી ઝગમગાવવાની પરંપરા વર્ષોથી ચાલી આવે છે. અગાઉ અલગ-અલગ રંગના મોટા ગોળા અને દીવડાંના તોરણ બનાવીને શણગાર કરવામાં આવતો હતો. વીજ બિલના કારણે ધીમે ધીમે નાના બલ્બ અને આધુનિક એલઈડી લાઇટિંગે લીધું છે.

દાહોદમાં તાલુકા-જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે

દાહોદ | નાગરિકોની પડતર રજૂઆતો અને સ્થાનિક પ્રશ્નોનું સમયસર તથા અસરકારક નિરાકરણ લાવવાના ઉદ્દેશ્યથી દાહોદ જિલ્લા પ્રશાસન દ્વારા 25 નવેમ્બરે તાલુકા તેમજ જિલ્લા કક્ષાના સ્વાગત કાર્યક્રમનું આયોજન કર્યું છે. અરજદારો પોતાના પ્રશ્નો સીધા જ જવાબદાર અધિકારીઓ સમક્ષ રજૂ કરી શકશે. કલેક્ટરના સીધા માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ આયોજિત કરાશે.

નામ બદલેલ છે.

મારૂ જુનું નામ
કમલકુમાર પ્રફુલચંદ્ર સંઘવી
હતું જે બદલી ને નવું નામ
કમલ પ્રફુલચંદ્ર સંઘવી
રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સરનામું : એ/૭-૧૭, રામલક્ષ્મી બંગ્લોઝ, એરપ્પા મંદિર સામે, ઝાડેશ્વર રોડ, ભરૂચ-૩૯૨૦૧૧ (ગુજરાત)

નામ બદલેલ છે.

મારૂ જુનું નામ
સોનિયાબેન કમલકુમાર સંઘવી
હતું જે બદલી ને નવું નામ
સોનિયા કમલ સંઘવી
રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી.
સરનામું : એ/૭-૧૭, રામલક્ષ્મી બંગ્લોઝ, એરપ્પા મંદિર સામે, ઝાડેશ્વર રોડ, ભરૂચ-૩૯૨૦૧૧ (ગુજરાત)

જાહેર નોટીસ

મે. ગરૂડેશ્વરના પ્રિન્સીપાલ સિવિલ અને જયુડી.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં,
અરજદાર:- પ્રકાશભાઈ ગોવિંદભાઈ તડવી રહે. ઈન્દ્રવર્ણા, તા. ગરૂડેશ્વર જી. નર્મદા.
વિરૂધ્ધ
સામાવાળા
ફો.પ.અ.નં. ૯૮/૨૦૨૬
અરજદાર તર્ફે વિ.વ.શ્રી એ.એ.દાયમા આંકઃ- ૦૪

જન્મ/ મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, વાંસલા ગ્રુપ ગ્રામ પંચાયત, તા. ગરૂડેશ્વર જી. નર્મદા.
આ કામનાં અરજદાર પ્રકાશભાઈ ગોવિંદભાઈ તડવી તેમના પરદાદા નાથીભાઈ જિતાભાઈ તડવીનાઓનું મરણ તા. ૦૧/૦૬/૧૯૭૧ના રોજ મોજે ગામ. વાંસલા, તા.ગરૂડેશ્વર, જી. નર્મદા મુકામે થયેલ છે. જે અંગેની નોંધણી કરાવવા હાલની અરજ ગુજારેલ છે. જેથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવવાનું કે સદર મરણની નોંધ સામે કોઈને પણ વાંધો યા તકરાર હોય તો તેઓ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ- ૩૦માં અત્રેની કોર્ટ સમક્ષ રૂબરૂ અથવા મુખત્યાર મારફત હાજર થઈ તેબીતમાં વાંધા રજુ કરવા. મુદત વિત્યે કોઈ તેબીત વાંધા આવશે નહી તો અરજદારે માંગ્યા મુજબના મરણની નોંધ બાબતે આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની સર્વેએ નોંધ લેવી.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર	(કોર્ટનો સિક્કો)	(બી.બી.પરમાર)
એન.બી.પટેલ	એમ.આઈ.ગણપર		રજીસ્ટ્રાર-કમ-નાઝર
આસિસ્ટન્ટ	સીનીયર કલાર્ક		ગરૂડેશ્વર કોર્ટ, જી. નર્મદા.

જાહેર નોટીસ

મે. ગરૂડેશ્વરના પ્રિન્સીપાલ સિવિલ અને જયુડી.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં,
અરજદાર:- પ્રકાશભાઈ ગોવિંદભાઈ તડવી રહે. ઈન્દ્રવર્ણા, તા. ગરૂડેશ્વર જી. નર્મદા.
વિરૂધ્ધ
સામાવાળા
ફો.પ.અ.નં. ૯૭/૨૦૨૬
અરજદાર તર્ફે વિ.વ.શ્રી એ.એ.દાયમા આંકઃ- ૦૪

જન્મ/ મરણ નોંધણી અધિકારીશ્રી અને તલાટી કમ મંત્રીશ્રી, વાંસલા ગ્રુપ ગ્રામ પંચાયત, તા. ગરૂડેશ્વર જી. નર્મદા.
આ કામનાં અરજદાર પ્રકાશભાઈ ગોવિંદભાઈ તડવી તેમના પરદાદી મણીબેન નાથાભાઈ તડવીનાઓનું મરણ તા. ૦૧/૦૬/૧૯૭૧ના રોજ મોજે ગામ. વાંસલા, તા.ગરૂડેશ્વર, જી. નર્મદા મુકામે થયેલ છે. જે અંગેની નોંધણી કરાવવા હાલની અરજ ગુજારેલ છે. જેથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવવાનું કે સદર મરણની નોંધ સામે કોઈને પણ વાંધો યા તકરાર હોય તો તેઓ આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ- ૩૦માં અત્રેની કોર્ટ સમક્ષ રૂબરૂ અથવા મુખત્યાર મારફત હાજર થઈ તેબીતમાં વાંધા રજુ કરવા. મુદત વિત્યે કોઈ તેબીત વાંધા આવશે નહી તો અરજદારે માંગ્યા મુજબના મરણની નોંધ બાબતે આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની સર્વેએ નોંધ લેવી.

તૈયાર કરનાર	મુકાબલ કરનાર	(કોર્ટનો સિક્કો)	(બી.બી.પરમાર)
એન.બી.પટેલ	એમ.આઈ.ગણપર		રજીસ્ટ્રાર-કમ-નાઝર
આસિસ્ટન્ટ	સીનીયર કલાર્ક		ગરૂડેશ્વર કોર્ટ, જી. નર્મદા.

મેસર્સ બેઝિક ફાર્મા લાઈફ સાયન્સ પ્રાઇવેટ લિમિટેડ

પ્લોટ નં.૧૪૬/એ અને બી, જી.આઈ.ડી.સી. ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,અંકલેશ્વર,જી.ભરૂચ, ગુજરાત, ઇન્ડિયા.

જાહેર નોટીસ | **પર્યાવરણીય મંજુરી**

આ સાથે જણાવવામાં આવે છે કે પર્યાવરણ અને વનમંત્રાલય આઈ.એ.વિભાગ, ભારત સરકાર નવી દિલ્હી દ્વારા **મેસર્સ બેઝિક ફાર્મા લાઈફ સાયન્સ પ્રાઇવેટ લિમિટેડ,** પ્લોટ નં.૧૪૬/એ અને બી, જી.આઈ.ડી.સી. ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, અંકલેશ્વર,જી.ભરૂચ,ગુજરાત,ઇન્ડિયા ને **સિન્થેટીક ઓર્ગેનિક કેમિકલ** બનાવવા માટે પર્યાવરણીય મંજુરીમાં સુધારાનો પત્ર ક્રમાંક IA-J-11011/124/2026-IA-II(I) **તા.૨૭ ઓક્ટોબર ૨૦૨૬** ના રોજ માન્યતા આપવામાં આવે છે. મંજુરી પત્રની નકલ ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (અંકલેશ્વર અને ગાંધીનગર) ઉપરાંત MOEF ની વેબસાઇટ https://parivesh.nic.in/. ઉપર ઉપલબ્ધ છે.

Authorized Signatory
મેસર્સ બેઝિક ફાર્મા લાઈફ સાયન્સ પ્રાઇવેટ લિમિટેડ
તા.૦૬/૧૧/૨૦૨૬

જાહેર નોટીસ

આથી વાહનના માલીકો/વીમા કંપની/ફાયનાન્સ કંપનીઓ વિગેરેનાઓને જણાવવાનું કે, અત્રેના અંકલેશ્વર શહેર બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે MV-ACT કલમ ૨૦૭ મુજબ કામે વાહનો કબ્જે (ડીટેઇન) કરવામાં આવેલ. જે વાહન માલીકોને અવાર નવાર લેખિત તેમજ મૌખિક રીતે વાહન છોડાવવા અંગેની જાણ કરવા છતા આજદિન સુધી વાહન છોડાવવા અંગેની કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી. જેથી જાહેર નોટીસ પ્રસીધ્ધ થયેથી દિન-૭માં વાહન છોડાવવા અંગેની કાર્યવાહી કરવી અને જો આમ કરવામાં આપ કસુર કરશો તો આપ આપનું વાહન છોડાવવા માંગતા નથી તેમ માની લઈ કાયદાકીય નિયમો અનુસાર વાહનની હરાજી કરવામાં આવશે અને હરાજીમાં ઉપજેલ નાણા સરકારશ્રી ખાતે જમા કરવામાં આવશે. આ બાબતે આપના તરફથી કોઇ રજુઆત હોય તો અંકલેશ્વર પોલીસ સ્ટેશન ખાતે રૂબરૂ મળી લેખિતમાં દિન-૦૩ માં આપવું ત્યારબાદ આવેલ રજુઆતને ધ્યાનમાં લેવામાં આવશે નહી. જે અંગે નોંધ લેવા વિનંતી છે.

(વી.જી.લાંબરીયા)
પોલીસ ઇન્સપેકટર
તા.૨૨-૧૦-૨૦૨૬ અંકલેશ્વર શહેર બી. ડીવી.પો.સ્ટેશન,જી.ભરૂચ

જાહેર નોટીસ

જત અમો એડવોકેટશ્રી નવનીતકુમાર સી.ગોડીગજબાર તે અમારા અસીલો (૧) શ્રી અમરૂદ્દીન રહીમભાઈ શેખ, (૨) શ્રીમતી અનીષાબેન અમરૂદ્દીન શેખ તથા (૩) શ્રી અસલમ અમરૂદ્દીન શેખ, તમામ રહેવાસી : સી-૪૪, ન્યુ આશીયાના નગર, તા.જિ.ભરૂચનાની સુચના અને કરમાઈશ અન્વયે આ જાહેર નોટીસથી જણાવીએછીએ કે,

(૧) અમારા અસીલો નં.૧ અને નં.૨ની પુત્રી તથા નં.૩ની સગીબેન નામે શ્રીમતી આશીયાના અફઝલ પટેલ, ઉ.વ.આ.૨૭ નું લગ્ન સને-૨૦૧૭ માં શ્રી અફઝલ પટેલ સાથે થયેલ ત્યારથી શ્રી અફઝલ પટેલ સાથે સુખી દામ્પત્ય જીવન તેણી જીવતી આવેલ અને અફઝલ પટેલ થકી તેણીને બે સંતાનો સગીર અપાન, ઉ.વ.આ.૦૮, તથા સગીર આમેના, ઉ.વ.આ.૦૬ નો જન્મ થયેલ. હાલમાં આશીયાનાના પતિ અફઝલ પટેલ તરફથી આશીયાનાને સારી રીતે સુખી રાખવામાં આવતી હોવા છતાં તેણી પોતાના પતિની સાથે સારી રીતે રહેતી નથી અને વારંવાર અપમાનીત કરતું વર્તન કરતી આવેલ છે, અને તેણીના પતિ તથા અમારા અસીલો દ્વારા વારંવાર સમજાવવા છતાં તેણી પોતાના વર્તન અને વલણમાં સુધારો કરતી નથી તેથી આ નોટીસથી લાગતા વળગતા તમામને સૂચીત કરીએછીએ કે, આશીયાના અફઝલ પટેલ સાથે કોઈપણ પ્રકારનો સામાજીક, કે નાણાંકીય તેમજ અન્ય અંગત વ્યવહાર જે કોઇ અમારી જાણ, સંમતિ વિના કરશે તે માટે તેવા વ્યવહાર કરનાર વ્યકિત પોતે જવાબદાર રહેશે. અમારા અસીલો તેવા કોઈપણ પ્રકારના વ્યવહાર માટે જવાબદાર રહેશે નહીં જેની તમામ લાગતા વળગતા તથા જાહેર જનતાએ નોંધ લેવી.

આશીયાના અમારા અસીલોના કહેવામાં નથી અને એક આદર્શ પત્ની, આદર્શ પુત્રી કે આદર્શ બેન જેવું વર્તન કે વલણ ધરાવતી નથી તેથી જો તેણી પોતે એક આદર્શ પત્ની અને આદર્શ પુત્રીની જેમ પોતાની ભૂલ સ્વીકારી માફી માંગશે અને પોતાના વર્તનમાં કે વલણમાં સુધારો કરશે તો જ તે અમારા અસીલોની મિલકતોમાં હકકદાર રહેશે અન્યથા નહીં.

ભરૂચ
તા. ૦૬-૧૧-૨૦૨૬
ઓફિસ : ૧૫, ઓમ કોમ્પલેક્ષ, પહેલો માળ, કોર્ટ રોડ, ભરૂચ. મો. ૯૯૨૪૬૦૦૮૫૫

અમારી મારફતે
નવનીતકુમાર સી. ગોડીગજબાર
એડવોકેટ

HDFC BANK

ઠેડ ઓફિસઃ એચડીએફસી બેંક કિ., એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૦૧૩
જિનલ ઓફિસઃ એચડીએફસી બેંક લી. : ડિપાર્ટમેન્ટ ફોર સ્પેશ્યલ ઓપરેશન્સ, બિલ્ડિંગ-બી, વિંગ-સી, ૧૧મો માળ, સ્વસ્તિક ચૂનિયસંસ, સુરત સેન્ટ્રલ મોલ સામે, વેલેન્ટાઇન સિનેમા પાછળ, કુમસ રોડ, સુરત - ૩૯૫૦૦૭

વેચાણ નોટીસ

સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી દ્વારા જાહેર સૂચના

સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ના રૂલ ૮(૬) હેઠળ જાહેર વેચાણ નોટીસ(ઓ) ની માંગણીના અનુસંધાનમાં, ઉલેખીત નીચેની મિલકત/ઓનો પ્રત્યક્ષ કબ્જો લીધો હતો, બેંકના લેણાં વત્તા વ્યાજની વસુલાત માટે "જેમ છે ત્યાં જેવું છે, જેવું છે, જે છે અને અથ્રય વિના" પર તેને વેચાણની અધિકાર અહીં વિગતવાર દર્શાવેલ છે અને જ્યારે બાકીની ચુકવણી કરવામાં નિષ્ફળતાના પરિણામે કયાયતમાં નીચે હસ્તાક્ષરિત આ અધિનિયમની કલમ ૧૩(૪) હેઠળ આપવામાં આવેલી સત્તા, ઉપરોકત નિયમોના નિયમ ૮ સાથે વાંચવામાં આવેલી મિલકત/ઓનાં વેચાણ દ્વારા બેંકના લેણાંની વસુલાત કરવાની દરખાસ્ત કરે છે. નીચે દર્શાવેલ મિલકતોનું વેચાણ લેબ પોર્ટલ દ્વારા ઈ-ઓકશન દ્વારા કરવામાં આવશે: https:// https://www.bankeauctions.com.

શાખાનું નામ અને ખાતા નંબર	મિલકતના ગિરવેદાર અને જામીનદારનું નામ	કોલેટરલ મિલકતો ની વિગતો	અનામત કિંમત ઈએમડી / બિડ વધારો રૂા.	નિરીક્ષણની તારીખ અને સમય	ઈ-હરાજીની તારીખ અને સમય
એચડીએફસી બેંક લિ., શાખા - ઓટવ, એરોકેમ ઇન્ડિયા, ખાતા નં. ૫૦૨૦૦૦૩૪૪૨૮૭૬	મેસર્સ એરોકેમ ઇન્ડિયા (ભાગીદારી) જામીનદારો: શ્રી મહેશભાઈ જસમતભાઈ લાંગણોચા જામીનદાર: શ્રી નરેશભાઈ જસમતભાઈ લાંગણોચા	શ્રી મહેશભાઈ લાંગણોચાની માલિકીની ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ નં. ૬૨૩/૩, ક્ષેત્રફળ એરિયા ૬૦૦.૦૦ સ્કે.મીટર્સ સર્વે નં. ૧૧૩/પી અને ૧૧૪/પી ગામ પાલેજ, તાલુકા અને ડિસ્ટ્રીક્ટ ભરૂચ ખાતેની સમગ્ર મિલકત જેની ચર્તુ:સીમા: ૨૦.૦૦ મી. રોડ, દક્ષિણે: ૧૬.૦૦ મી. રોડ, પૂર્વ: પ્લોટ નં. ૬૨૩/૪, પશ્ચિમે: પ્લોટ નં. ૬૨૩/૨.	રૂા.૯૦,૦૦,૦૦૦/- રૂા.૯,૦૦,૦૦૦/- રૂા.૨૦,૦૦૦/-	૨૪.૧૧.૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી	૨૭.૧૧.૨૦૨૬ બપોરે ૧